# અમરેલીના રાજુલા પંથકમાં ધોધમાર વરસાદ

## આગાહી મુજબ સમગ્ર સૌરાષ્ટ્રમાં સાર્વત્રિક વરસાદ ધોધમાર વરસાદ વરસતા રાજુલા શહેરના રસ્તાઓ પાણી-પાણી થઈ ગયા છે અને મેઘરાજાની તોફાની બેટિંગ સાથે વાતાવરણમાં વિઝિબિલિટી ઘટી

અમરેલી, તા.૨૪

અમરેલી જિલ્લાના રાજુલા પંથકમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. રાજુલા સિટી સહિત ડુંગર, માંડળ, કુંભારિયા, દેવકામાં સાર્વત્રિક મેઘ મહેર થઈ છે. છતરીયા, હિંડોરણા, ભેરાઈ, રામપરામાં પણ સારો વરસાદ વરસ્યો છે. પવનના સુસવાટા અને ગાજવીજ સાથે મેહુલિયો મન મુકીને વરસી રહ્યો છે. ધોધમાર વરસાદ વરસતા રાજુલા શહેરના રસ્તાઓ પાણી-પાણી થઈ ગયા છે અને મેઘરાજાની તોફાની બેટિંગ સાથે વાતાવરણમાં વિઝિબિલિટી ઘટી છે.

હવામાન વિભાગની આગાહી મુજબ સમગ્ર સૌરાષ્ટ્રમાં સાર્વત્રિક વરસાદ થયો છે. ભારે વરસાદને પગલે જ્યાં જુઓ ત્યા પાણી જ પાણી ભરાઈ ગયા છે. સમઢિયાળા ગામમાં મોડી રાતથી સવાર સુધીમાં ૪ ઈંચ વરસાદ ખાબકી જતા કોઝવે પર ચાર-ચાર ફુટ સુધી પાણી ભરાયા છે. જેના કારણે સમઢિયાળાથી નીલવડા ગામ જવાનો માર્ગ બંધ કરવાની ફરજ પડી હતી.પાનસડા ગામની નદીઓમાં ઘોડાપૂરની સ્થિતિ સર્જાઈ છે. બાબરાની કાળુભાર નદીમાં સતત બીજા દિવસે ઘોડાપૂર આવ્યુ હતુ. પાણીના ધસમસતા પ્રવાહને કારણે કાંઠા વિસ્તારમાં પાર્ક કરેલી લારીઓ તણાઈ ગઈ હતી. આ તરફ નદીના પાણી બાબરા ગામના મંદિરોમાં પણ ઘુસી ગયા હતા. ભારે વરસાદ અને નદીઓમાં આવેલા ઘોડાપૂરને કારણે રહેણાંક વિસ્તારો જળમગ્ન બન્યા હતા. જેથી જનજીવનને ભારે અસર થઈ છે.



ગાંધીઆશ્રમનું રીડેવલપમેન્ટ કામ શરૂ કરવામાં આવ્યું જેના કારણે આશ્રમની ગૌશાળાની બાજુની બિલ્ડીંગના તોડવામાં આવી રહી છે.

### કેન્દ્ર સરકાર ગુજરાતને વધારાનો યુરીયા ખાતરનો જથ્થો આપશે

અમદાવાદ, તા.૨૪

રાજ્યમાં યુરિયા ખાતરની અછત મામલે કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતનાં ખેડૂતો માટે મહત્વનો નિર્ણય લીધો છે. જેમાં કેન્દ્ર સરકાર ગુજરાતને વધારાનો યુરીયા ખાતરનો જથ્થો આપશે. તેમજ કેન્દ્ર સરકાદ ગુજરાતને વધારાનો ૧૫ હજાર મેટ્રિક ટન યુરિયાનો જથ્થો આપશે. ત્યારે રાજ્ય સરકાર પાસે હાલ ૨.૫૫ લાખ મેટ્રિક ટન યુરિયાનો જથ્થો ઉપલબ્ધ છે. રાજ્યને ફાળવાયેલા કુલ ૮.૬૧ લાખ મેટ્રિક ટનમાંથી ૬.૨૨ લાખ મેટ્રિક ટનનો ઉપયોગ થયો છે. ગુજરાતમાં સારા વરસાદનાં કારણે વાવેતરમાં વધારો થયો છે. સારા વરસાદથી વાવેતર ગત વર્ષ કરતા ચાલુ વર્ષે ૬૧ ટકા થયું છે. યુરીયા ખાતરનાં જથ્થાને લઈને માટે પણ અમારા જીલ્લાનું વહીવટી તંત્ર પણ સજાગ છે.

# જૂનાગઢના કડિયાવાડમાં મકાન ધરાશાયીઃ ચાર લોકો દટાયા

## વરસાદી આફત બાદ બીજી દુર્ઘટના બની : એનડીઆરએફની ટીમ અને સ્થનિકો દ્વારા રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે, મેયર સહિતના પદાધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા

જૂનાગઢ, તા.૨૪

સમગ્ર રાજ્યમાં વરસાદના ત્રીજા રાઉન્ડે હાહાકાર મચાવ્યો છે. તેમાં પણ ખાસ કરીને સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં તો મેઘતાંડવ થતાં તારાજીના ભારે કરપીણ દ્રશ્યો સર્જાયા છે. લોકો મેઘરાજાને હવે ખમૈયા કરવાની પ્રાર્થના કરી રહ્યા છે. વરસાદી માહોલ વચ્ચે જૂનાગઢથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. જૂનાગઢના કડિયાવાડમાં દુર્ઘટના સર્જાઈ છે. કડિયાવાડમાં મકાન ધરાશાયી થતાં ૪ લોકો કાટમાળ નીચે દટાયા છે. મકાન ધરાશાયી થતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા છે. મેયર સહિતના પદાધિકારીઓ પણ ઘટના સ્થળે દોડી આવ્યા છે.

તો જૂનાગઢ મનપા કમિશનર રાજેશ તન્નાએ જણાવ્યું કે, દ્રહ્રઈહ્ર, પોલીસ અને ફાયરની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. ત્નઝ઼ની મદદથી કાટમાળ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. તમામ સિનિયર અધિકારીઓ પણ ઘટના સ્થળે પહોંચી ગયા છે. કાટમાળ નીચે દટાયેલા લોકોને બચાવવાની પ્રાથમિકતા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, શનિવારે જૂનાગઢમાં મેઘતાંડવ જોવા મળ્યું હતું. જૂનાગઢમાં મેઘરાજાએ રોદ્ર સ્વરૂપ ધારણ કરી કહેર વરસાવતા શહેરમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. જૂનાગઢમાં મેઘરાજાએ એવો કહેર વર્તાવ્યો કે સમગ્ર જૂનાગઢ શહેર દરિયામાં ફેરવાયું હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. દરિયા અને નદીમાં જે રીતે બોટ તરતી હોય તે રીતે રસ્તાઓ પર મોટરકાર, વાહનો અને પશુઓ તણાયા હતા. ભારે વરસાદના કારણે જૂનાગઢવાસીઓ હચમચી ગયા હતા. શહેરના રસ્તા પર જાણને નદી વહેતી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા.

તો કેટલાક વિસ્તારોમાં લોકોના ઘરોમાં અને દુકાનોમાં પણ પાણી ઘૂસી ગયા હતા. ભારે વરસાદ વચ્ચે પણ પોલીસ સ્ટાફે સતત સ્ટેન્ડ ટુ રહી ફરજ બજાવી હતી. કેટલાક સ્થળે પાણીમાં ફસાયેલાઓને રેસ્ક્યૂ કરી પોલીસ દ્વારા સમયસર મદદ કરવામાં આવી હતી.

જૂનાગઢ જિલ્લાભરની પોલીસ સતત દોડતી રહી હતી. તો પાણીમાં તણાયેલા વૃદ્ધને પણ પોલીસે જીવના જોખમે બચાવી લીધા હતા. પોલીસની સમયસરની સરાહનીય કામગીરીની સમગ્ર જિલ્લામાં પ્રશંસા થઈ હતી.

# ઈસ્કોન બ્રિજ અકસ્માતમાં નબીરાને ફાંસીના માચડે લટકાવી દેવાની માંગ

## ત્રણ યુવાનોના પરીવારોએ કલેક્ટરને આપ્યુ આવેદન : બોટાદ શહેરના પણ ત્રણ યુવાનોના અમદાવાદ ખાતે અકસ્માતમાં મોત

અમદાવાદ, તા.૨૪

અમદાવાદ શહેરમાં ઈસ્કોન બ્રિજ પર અકસ્માતની હૈયું હચમચાવી નાખતી ઘટના સામે આવી હતી. જેમાં કાળ બનીને ચિત્તાઝડપે આવેલી કારે કચડી નાખતા ૯ લોકોના કમકમાટીભર્યા મોત નિપજયા હતા. જેમાં બોટાદ શહેરના પણ ત્રણ યુવાનોના અમદાવાદ ખાતે અકસ્માતમાં મોત થતા પરિવારજનોમાં કાળો કલ્પાંત ફેલાયો છે.

આ ગંભીર ઘટનાને લઈને બોટાદમાં યુવાનોના પરિવારજનોએ અન્ય સમાજના આગેવાનોને સાથે રાખી કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું. જેમાં આરોપીને ફાંસીની સજા આપવામાં આવે તેમજ આરોપીની મિલકત જપ્ત કરી મૃતકના પરિવાજનોને સહાય આપવામાં આવે તેવી સૂત્રોચ્ચાર કરી માંગ કરવામાં આવી હતી. સાથે સાથે જો મૃતક પરીવારોને ન્યાય નહિ મળે તો રસ્તા ઉપર ઉતરી આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

અમદાવાદ ખાતે ગત ૧૯ જુલાઈના રોજ થયેલ અકસ્માતમાં ૯ લોકોના ઘટના સ્થળે જ મોત થયા હતા જેમાં બોટાદ શહેરના કૃણાલ,અક્ષર,અને રોનક પટેલ નામના ત્રણ પાટીદાર યુવાનોના કમકમાટીભર્યા મોત થયા હતા. જે મોત મામલે સમગ્ર ગુજરાતમાં હાહાકાર મચી જવા પામ્યો હતો અને સરકાર દ્વારા મૃતક પરિવાર તેમજ ઈજાગ્રસ્તોને સહાય આપવાની જાહેરાત કરી હતી ત્યારે આજે બોટાદ શહેર ખાતે ત્રણેય મૃતક યુવાનોના પરિવારજનોએ અન્ય સમાજના લોકોને સાથે રાખી મોટી સંખ્યામાં મહિલાઓ અને આગેવાનો કલેકટર કચેરી ખાતે પહોંચ્યા હતા અને સૂત્રોચ્ચાર કરી ઉગ્ર રોષ ઠાલવ્યો હતો. સાથે જ તથ્ય પટેલ નામના આરોપી અને તેના પિતા વિરૂદ્ધ કડક કાર્યવાહી કરી ફાંસીની સજા આપવામાં તેવી માંગ પણ કરવામાં આવી હતી.



ચારેક દિવસના વરસાદી માહોલ બાદ આજે સૂર્યપ્રકાશ નગરજનોને જોવા મળ્યો હતો તે સમયે આકાશમાં સર્જાય એટલે એક અદભુત વાતાવરણની અનુભૂતિ થાય તેવી એક ક્લિક મોબાઈલમાં થઈ ગઈ હતી.

# બનાસ ડેરીએ ૨૦.૨૭ ટકાનો ભાવ વધારો જાહેર કર્યો

## સાધારણ સભામાં ચેરમેનની જાહેરાત : દૂધના ભાવમાં વધારો જાહેર કરતાં પાંચ લાખની વધુ પશુપાલકોના ઘરે ખુશીનો માહોલ

અમદાવાદ, તા.૨૪

છેલ્લા કેટલાક સમયથી વધી રહેલી મોંઘવારીને કારણે પશુપાલકો પણ ચિંતામાં હતા, પશુ માટેના ખોરાકના કિંમતમાં સતત વધારો થતાં દૂધના ભાવ પરવડે તેમ ન હતા. જો કે ઉત્તર ગુજરાતની સૌથી મોટી બનાસડેરીએ દૂધના ભાવમાં વધારો જાહેર કરતાં પાંચ લાખની વધુ પશુપાલકોના ઘરે ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. અગાઉ પણ બનાસડેરીએ દૂધના ભાવમાં વધારો જાહેર કર્યો હતો. હાલમાં જ બનાસડેરીની ૫૫મી સાધારણ સભા મળી હતી, જેમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

ચેરમેન શંકર ચૌધરીની અધ્યક્ષતામાં બનાસડેરીની ૫૫મી સાધારણ સભા મળી હતી. આ સભામાં ડેરીને લગતાં પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી ત્યારબાદ પશુપાલકો માટે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ સભામાં પશુપાલકોને ૨૦.૭ ટકા જેટલો ભાવ વધારો આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. કુલ ૧૮૫૨ કરોડનો ભાવ વધારો જાહેર કરવામાં આવ્યો છે. ૧૦૦ કરોડ મંડળીઓને શેર દીધ આપવામાં આવ્યા છે. જયારે ૧૯૫૨ કરોડ રૂપિયાના ભાવ વધારાની જાહેરાત કરવામાં આવી છે.

બનાસડેરી દ્વારા કરવામાં આવેલા ભાવ વધારાથી બનાસકાંઠાના પાંચ લાખની વધુ પશુપાલકોને સીધો જ ફાયદો થશે. જે પુશપાલકો બનાસડેરીની મંડળીઓમાં દૂધ ભરાવે છે તેઓને ૨૦.૨૭ટકા ભાવ વધારાનો લાભ મળશે. સરળ શબ્દોમાં સમજીએ તો જે પશુપાલક ૧ લાખનું દૂધ ભરાવતો હશે તેને ૨૦ હજાર ભાવ વધારા પેટે મળશે.

# ભાજપના પૂર્વ નેતા અલ્પેશ લીંબાચિયાની ધરપકડ કરાઈ

વડોદરા, તા.૨૪

વડોદરામાં મેયર નિલેશ રાઠોડ સામે આક્ષેપ લગાવતી પત્રિકા પોસ્ટ કરવાના મામલે ક્રાઈમ બ્રાન્ચે કોર્પોરેશનના પૂર્વ ભાજપ પક્ષના નેતા અલ્પેશ લીંબાચિયાની મોડી રાત્રે ૧૨:૧૫ એ ધરપકડ કરી હતી. અલ્પેશ લીંબચિયાને ક્રાઈમ બ્રાન્ચ લોકપમાં રાખવામાં આવ્યા છે. આ પહેલા પત્રિકા પોસ્ટ મામલે અલ્પેશ લીંબાસીયાના શાળા અમિત લીમ્બાચીયા અને તેમના સાળાના સાળુભાઈની પણ ધરપકડ થઈ ચૂકી છે.

જોકે બંનેને ગઈકાલે પોલીસ મથકથી જામીન અપાયા હતા. મેયર નિલેશ રાઠોડ સામે ભ્રષ્ટાચારના આક્ષેપોની પત્રિકાના વિવાદ મામલે ફરિયાદના મામલે પોલીસ તપાસમાં પૂર્વ ભાજપ પક્ષના નેતા અલ્પેશ લીંબાચિયાની ઓફિસમાંથી લેપટોપ અને પ્રિન્ટર કબજે કરાયા છે. ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં ૨૫૦ થી વધુ પ્રિન્ટ આઉટ નીકળી હોવાનું બહાર આવ્યું છે. લેપટોપ અને પ્રિન્ટરને તપાસ માટે એફએસએલમાં મોકલાયા છે. આઠમી જુલાઈના રોજ તરસાલીની શ્રીરામ એન્ટરપ્રાઈઝની અલ્પેશ લીમ્બચીયાની ઓફિસમાં પત્રિકા પ્રિન્ટ થઈ હોવાની આશંકા છે.

# કરમાળ પીપળીયામાં ધાબા પર ચઢેલા ૨૫ને બચાવાયા

## રાજકોટ રેસ્ક્યૂ ઓપરેશન : ગામમાંથી નાના બાળક સહિતના તમામ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા, પોતાનો જીવ બચી જતા ગામવાસીઓએ રાહતનો શ્વાસ લીધો હતો

રાજકોટ, તા.૨૪

રાજકોટ જિલ્લામાં શનિવારે રાત્રે પડેલા ભારે વરસાદના કારણે કેટલાક ભાગોમાં કપરી પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. સૌરાષ્ટ્રમાં શનિવારે ખાબકેલા ભારે વરસાદના કારણે તારાજીના દ્રશ્યો સર્જાયા હતા, આવામાં રાજકોટના કોટડા સાંગાણીના કરમણ પીપળીયા ગામમાં ૨૫ લોકો ફસાયા હોવાની માહિતી મળતા દ્રહ્રઈહ્રની ટીમ પહોંચી હતી. ટીમે તાત્કાલિક મહત્વના પગલાં ભરીને પાણીની વચ્ચે ફસાયેલા લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. ગોંડલ પાસેના કોટડા સાંગાણી તાલુકાના કરમણ પીપળીયા ગામમાં ૨૫ લોકો ફસાયા હતા. આ વાતની સ્થાનિકોએ તંત્રને જાણ કરી હતી, જે બાદ ગોંડલ પ્રાંત અધિકારી અને દ્રહ્રઈહ્રની ટીમ કરમણ પીપળીયા ગામે દોડી ગઈ હતી. પાણીમાં ફસાયેલા લોકોનું ટીમ દ્વારા રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું. ભારે વરસાદના કારણે કોટડા સાંગાણી તાલુકાના પીપળીયા ડેમના દરવાજા ખોલવામાં આવ્યા હતા જે બાદ નીચાણવાળા વિસ્તારોમાં નદી બે કાંઠે થઈ હતી. કરમાળ પીપળીયા ગામમાં નદી બે કાંઠે વહેતી થતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ફરી વળ્યા હતા. જેના કારણે ગામના સીમ વિસ્તારમાં આવેલા મકાનોમાં ૨૫ લોકો ફસાયા હતા. પાણીનું વધતું સ્તર જોઈને તમામ લોકો મકાનની છત પર ચડી ગયા હતા. આ અંગે તંત્રને જાણ કરી હતી. જે બાદ એનડીઆરએફની ટીમે ઘટના સ્થળે પહોંચી હતી. દોરડા અને માનવ સાકળ રચીને કરમણ પીપડીયા ગામમાં ફસાયેલા લોકોને બચાવાયા હતા. ગામમાંથી નાના બાળક સહિતના તમામ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. પોતાનો જીવ બચી જતા ગામવાસીઓએ રાહતનો શ્વાસ લીધો હતો. તમામ લોકો જાનહાની વગર સુરક્ષિત રીતે બહાર આવતા ગામના સરપંચ અને તંત્રએ પણ રાહત અનુભવી હતી.

# યથાર્થ હોસ્પિટલ એન્ડ ટ્રોમા કેર સર્વિસ લિમિટેડનો આઈપીઓ ૨૬મીએ ખુલશે

અમદાવાદ, તા.૨૪

યથાર્થ હોસ્પિટલ એન્ડ ટ્રોમા કેર સર્વિસીસ લિમિટેડ ("કંપની"), બુધવાર, ૨૬ જુલાઈ, ૨૦૨૩ના રોજ રૂ.૧૦ની ફેસ વેલ્યુ ("ઈક્વિટી શેર્સ")ના ઈક્વિટી શેર્સના આઈપીઓ ખોલવાનો પ્રસ્તાવ મૂકે છે. આઈપીઓમાં રૂ. ૪,૯૦૦ મિલિયન (''ફ્રેશ ઈશ્યૂ'') સુધીના ઈક્વિટી શેરના નવા ઈશ્યૂનો સમાવેશ થાય છે અને વેચનાર શેરધારકો (''વેચાણ માટેની ઓફર'' અને ફ્રેશ ઈશ્યૂ સાથે, , ''ઓફર'') દ્વારા ૬૫,૫૧,૬૯૦ ઈક્વિટી શેર સુધીના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે. એંકર ઈન્વેસ્ટર બિડિંગની તારીખ મંગળવાર, ૨૫ જુલાઈ, ૨૦૨૩ હશે. ઓફર સબસ્ક્રિપ્શન માટે બુધવાર, ૨૬ જુલાઈ, ૨૦૨૩ના રોજ ખુલશે અને શુક્રવાર, ૨૮ જુલાઈ, ૨૦૨૩ના રોજ બંધ થશે. ઓફરની પ્રાઈસ બેન્ડ રૂ. ૨૮૫થી રૂ. ૩૦૦ પ્રતિ ઈક્વિટી શેર નક્કી કરવામાં આવી છે. બિડ ઓછામાં ઓછા ૫૦ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૫૦ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાય છે. કંપનીએ ફ્રેશ ઈશ્યૂની ચોખ્ખી આવક દ્વારા ભંડોળ માટે એકત્ર કરાયેલ ભંડોળનો ઉપયોગ આ પ્રમાણે કરવાની દરખાસ્ત કરી છે –(૧)કંપની દ્વારા લીધેલા ચોક્કસ ઉધારની રૂ.૧,૦૦૦ મિલિયન સુધી સંપૂર્ણ અથવા આંશિક ચુકવણી/પૂર્વચુકવણી; (૨) કંપનીની પેટાકંપનીઓએકેએસમેડિકલ એન્ડ રિસર્ચ સેન્ટર પ્રાઈવેટ લિમિટેડ (“AKS”) અને રામરાજા મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ એન્ડ ટ્રોમા સેન્ટર પ્રાઈવેટ લિમિટેડ (“Ramraja”) દ્વારા દ્વારા લેવામાં આવેલ અમુક ઉધારોની રૂ. ૧,૪૫૦ મિલિયન સુધીની સંપૂર્ણ અથવા આંશિક ચૂકવણી/પૂર્વચૂકવણી; (૩)નોઈડા હોસ્પિટલ અને ગ્રેટર નોઈડા હોસ્પિટલ નામની બે હોસ્પિટલો માટે કંપનીના મૂડી ખર્ચને રૂ.૨૫૬.૪૪ મિલિયન સુધીનું ભંડોળ પૂરું પાડવા; (૪)કંપનીની પેટાકંપનીઓ, એકેએસઅને રામરાજાના મૂડી ખર્ચ માટે સંબંધિત હોસ્પિટલ માટે રૂ. ૧,૦૬૯.૬૬ મિલિયન સુધીનું ભંડોળ પૂરું પાડવા(૫) રૂ. ૬૫૦ મિલિયન સુધીના હસ્તાંતરણ અને અન્ય વ્યૂહાત્મક પહેલો દ્વારા ઈનઓર્ગેનિક વૃદ્ધિ પહેલને ભંડોળ પૂરું પાડવુંઅને (૬) બાકીની રકમસામાન્ય કોર્પોરેટ હેતુઓ વપરાશે.

વેચાણની ઓફરમાં વિમલા ત્યાગીના ૩૭,૪૩,૦૦૦ ઈક્વિટી શેર્સ,પ્રેમ નારાયણ ત્યાગીના ૨૦,૨૧,૨૦૦ ઈક્વિટી શેર્સ અને નીના ત્યાગીના ૭૮૭,૪૯૦ ઈક્વિટી શેર્સ (''પ્રમોટર ગ્રૂપ સેલિંગ શેરધારકો'')નો સમાવેશ થાય છે.

### ભીંજારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અકળાવતા ઉકળાટનો અનુભવ કર્યો હતો. જયારે લઘુત્તમ તાપમાન પણ એક ડીગ્રી ઉંચકાયુ હતુ. શહેરમાં વરસાદી ભીંજારા વચ્ચે ભેજનુ પ્રમાણ પણ નોંધપાત્ર જોવા મળે છે. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ ૯૪ થી ૯૭ ટકા રહ્યુ હતુ શહેરમાં વરસાદની જમાવટ સાથે સેકટરોમાં સમસ્યાઓનો પણ જમાવડો થયો છે. સેકટરોમાં ઠેર ઠેર બંધ સ્ટ્રીટ લાઈટો વચ્ચે ઉગી નિકળેલુ ઘાસ અને વનસ્પિત પણ સ્થાનિકો માટે સમસ્યાનુ કારણ બન્યા છે. તો શેરી સફાઈના અભાવે ઠેર ઠેર ગંદકી જોવા મળી રહી છે. સેકટરોમાં વરસાદી મોસમ નિખરતા રહેણાંક વિસ્તારમાં પણ મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. જેના લીધે મચ્છરજન્ય રોગચાળાનુ જોર ધીમી ધીમે વધી રહ્યુ છે. આવા સંજોગોમાં મચ્છરોને ડામવા પોરાનાશક કામગીરી સહીત દવા છંટકાવ કરવા માટે પણ સ્થાનિકોએ માંગ કરી છે.

### લેન્ડ સ્લાઈડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્લાઈડ થતાં મુંબઈ તરફ જવાનો રસ્તો બંધ થઈ ગયો હતો.

પૂણેના લોનાવલામાં મુશળધાર વરસાદ અને રાતના સમયે લેન્ડ સ્લાઈડ થતાં અનેક સમસ્યાઓ ઉભી થઈ હતી. જેને કારણે વાહનવ્યવહાર ખોરવાયો હતો. મુંબઈ તરફ આવવાનો રસ્તો બંધ કરવામાં આવ્યો હતો. વરસાદ અને અંધારાને કારણે પોલીસને કાંટમાળ કાઢવામાં ઘણી મૂશ્કેલી પડી હતી.

હજી તો આ કાંટમાળ બાજુ પર કરવાનું કામ ચાલી રહ્યું હતું ત્યાં વહેલી સવારે છ વાગ્યાની આસપાસ લોનાવલામાં જ એક વધુ લેન્ડ સ્લાઈડ થઈ હતી. જોકે આડોશી ટનેલની લેન્ડ સ્લાઈડની સરખામણીમાં આ લેન્ડ સ્લાઈડ બહુ નાની હતી. છતાં તેને કારણે વાહનવ્યવહાર ખોરવાયો હતો.

### સસ્પેન્ડ કરાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

સભાપતિની મંજૂરી બાદ, સંજય સિંહને સમગ્ર ચોમાસુ સત્ર માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી ફરી શરૂ થઈ હતી. સંસદના ચોમાસુ સત્ર દરમિયાન, મણિપુર પર વડા પ્રધાનના નિવેદનની માગણી સાથે રાજ્યસભા અને લોકસભા બંનેમાં વિપક્ષી સાંસદો દ્વારા સૂત્રોચ્ચાર ચાલુ રહ્યા હતા. વિપક્ષો દ્વારા બંને ગૃહમાં સરકારને ઘેરી લીધી હતી.

### વિરોધ પ્રદર્શન

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઘેરી હતી. સંસદ ભવન સંકુલમાં ગાંધી પ્રતિમા સામે સાંસદોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. મણિપુર મુદ્દે વિપક્ષનું ખૂબ જ આક્રમક વલણ જોવા મળી રહ્યું છે. સંસદની કાર્યવાહી શરૂ થતા પહેલા વિપક્ષી સાંસદોએ આજે મણિપુરની ઘટનાને લઈને ધરણા કર્યા હતા. આ દરમિયાન વિપક્ષી સાંસદોએ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા અને વડાપ્રધાનને આ ઘટના અંગે સંસદમાં નિવેદન આપવાની માંગ કરી હતી.

### હિંસાની તપાસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રા પણ બેન્ચમાં સામેલ હતા. રામ નવમી હિંસાના કિસ્સામાં, કેન્દ્રએ પશ્ચિમ બંગાળમાં હિંસાની તપાસ કરવા એનઆઈએએક્ટની કલમ ૬ હેઠળ એજન્સીને સુઓ મોટુ આદેશ આપ્યો હતો. ખંડપીઠે કહ્યું કે, મમતા સરકારે કેન્દ્રની આ સૂચનાને પડકારી નથી. સરકારને કલકત્તા હાઈકોર્ટના નિર્ણય સામે વાંધો છે જેમાં ૩૧ માર્ચથી ૩ એપ્રિલની વચ્ચે વિવિધ પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલી ૬ એફઆઈઆરએનઆઈએને ટ્રાન્સફર કરવામાં આવી છે.

### સપ્તાહની મુદત

● અનુસંધાન પહેલાનું ચાલુ

રહી હતી. મુસ્લિમ પક્ષ સર્વે માટે પહોંચ્યા ન હતા. મુસ્લિમ પક્ષે સર્વોચ્ચ અદાલતને ઓછામાં ઓછા એક સપ્તાહ સુધી સર્વે પર રોક લગાવવાની માંગ કરી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સુપ્રીમ કોર્ટે યુપી સરકારને એએસઆઈના કામ વિશે પૂછ્યું હતુ.

મુસ્લિમ પક્ષે સુપ્રીમ કોર્ટમાં કોર્ટે આપેલા સર્વેના આદેશ પર સ્ટે મૂકવાની માંગ કરી હતી. મુસ્લિમ પક્ષનું કહેવું છે કે, સર્વે માટે આવો નિર્દેશ સુપ્રીમ કોર્ટના નિર્ણયની વિરુદ્ધ છે. મસ્જિદ કમિટીએ કહ્યું છે કે, ખોદકામ સહિતના સર્વેનો આદેશ મુસ્લિમોના પરિસરમાં પ્રવેશમાં અવરોધ ઉભો કરે છે. જ્ઞાનવાપી સંકુલના પુરાતત્વીય સર્વેક્ષણ માટે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણની ટીમ આજે સવારે સાત વાગ્યાથી ટીમ સર્વે માટે કેમ્પસમાં પહોંચી છે. કાશી વિશ્વનાથ ધામના ગેટ નંબર ચારથી એએસઆઈની ટીમ આધુનિક મશીનો સાથે આવી પહોંચી છે.